# બિનસરકારી અનુદાનિત માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા વર્ષ ૨૦૨૧

## રિવાઇઝ્ડ DV List માં સમાવિષ્ટ ઉમેદવારો માટે ડોક્યુમેન્ટ વેરિફિકેશન કોલલેટર ડાઉનલોડ કરવા અંગેની સુચનાઓ

> બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી અન્વયે રિવાઇઝ્ડ DV List તા.૦૫/૦૬/૨૦૨૧ ના રોજ https://gserc.in વેબસાઇટ પર જાહેર કરવામાં આવેલ છે. જેની જાણ ઉમેદવારોને SMS ના માધ્યમથી પણ કરવામાં આવેલ છે.

> રિવાઇઝ્ડ DV List માં સમાવિષ્ટ ઉમેદવારોએ તા.૦૫/૦૬/૨૦૨૧ના રોજ સાંજે ૦૫.૦૦ કલાકથી તા.૧૦/૦૬/૨૦૨૧ના રોજ સવારે ૧૦:૦૦ કલાક દરમ્યાન વેબસાઈટ પરથી પોતાનો ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટેનો કોલલેટર મેળવવાનો રહેશે.

> રિવાઇઝ્ડ DV List માં સમાવિષ્ટ થવાથી તથા ડોક્યુમેન્ટ વેરિફિકેશન પ્રક્રિયામાં ભાગ લેવાથી ઉમેદવારનો નોકરી અંગે કોઇ પણ પ્રકારનો હક્ક પ્રસ્થાપિત થતો નથી. જેની ખાસ નોંધ લેવી.

> ઓનલાઈન ડોક્યુમેન્ટ વેરિફિકેશન કોલલેટર મેળવવા માટે,.................................

- ઉમેદવાર વેબસાઈટ https://gserc.in પર જઈ **Apply for Secondary Grant-in-aid** વિકલ્પ ક્લીક કરવાનો રહેશે.
- જે ક્લીક કરતા ખૂલેલ ચેકબોક્સમાં ઉમેદવારે પોતાનો ટાટ નંબર, જન્મતારીખ, પાસવર્ડ અને ફિક્સ Captcha Code નાખી લોગઈન થવાનું રહેશે.
- લોગઈન થતાં સ્ક્રીન પર ડાઉનલોડ ડોક્યુમેન્ટ વેરિફિકેશન કોલલેટર ઓપ્શન ક્લીક કરતાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન કોલલેટર ડાઉનલોડ થઈ શકશે અને તેની PRINT મેળવી શકાશે.

> ડોક્યુમેન્ટ વેરિફિકેશન કોલલેટર નિયત સમય મર્યાદામાં ન મેળવનાર ઉમેદવારોનું ડોક્યુમેન્ટ વેરિફિકેશન થઈ શકશે નહી.

> ઉમેદવારના ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટેના કોલ લેટરમાં દર્શાવેલ સુચનાઓનો યોગ્ય રીતે અભ્યાસ કરી તદનુસાર તમામ અસલ લાયકાતી પ્રમાણપત્રો/ગુણપત્રો તથા તેની એક સ્વ-પ્રમાણિત નકલ સાથે કોલ લેટરમાં દર્શાવેલ તારીખ, સમય અને સ્થળે ઉમેદવારે પોતાના સ્વખર્ચે અચુક ઉપસ્થિત રહેવાનું રહેશે.

> જે ઉમેદવાર કોલ લેટરમાં સુચવ્યા મુજબના ડોક્યુમેન્ટ સાથે સૂચવેલ તારીખે/સમયે અને સ્થળે ઉપસ્થિત નહિં રહે તો, ઉમેદવાર ભરતી પ્રકીયા અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને ભરતી પ્રકીયામાંથી બાકાત કરવામાં આવશે. જેની સંબંધિતોએ ખાસ નોંધ લેવી.

> કોવિડ-૧૯ ની મહામારીને કારણે સર્જાયેલ અસામાન્ય સંજોગોમાં જો કોઈ ઉમેદવાર કોવિડ પોઝીટીવ હોય અથવા ક્વોરન્ટાઈન થયેલ હોય તો તે અંગે ઘટિત કારણ દર્શાવતો ઓથોરીટી લેટર આપી, પોતાના સ્થાને અન્ય વ્યક્તિને કોલ લેટરમાં દર્શાવેલ સૂચનાઓને ધ્યાને લઈ તમામ અસલ લાયકાતી પ્રમાણપત્રો /ગુણપત્રો/અન્ય આનુસાંગિક આધારો તથા તેની સ્વ-પ્રમાણિત નકલ સાથે કોલ લેટરમાં દર્શાવેલ તારીખ, સમય અને સ્થળે ઉપસ્થિત રાખી શકાશે.(ફક્ત સૂચવેલ અસામાન્ય સંજોગોમાં જ)

> ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે સૂચવેલ તારીખ, સમય અને સ્થળે ફક્ત ઉમેદવાર/કોવિડ-૧૯ની અસામાન્ય પરિસ્થિતિમાં ઉમેદવારના એક (૧) ઓથોરાઈઝડ વ્યક્તિએ જ ઉપસ્થિત થવાનું રહેશે. અન્ય કોઈ વાલી/સગાઓને સ્થળ પર પ્રવેશ અપાશે નહિં. જેની સંબંધિતોએ ખાસ નોંધ લેવી.

> ડોક્યુમેન્ટ વેરિફિકેશન કેન્દ્ર પર વેરિફિકેશન સમયે ઉમેદવારોએ કોવિડ-૧૯ના કારણે ફેલાયેલ મહામારી અંતર્ગત સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ વખતોવખતની ગાઇડલાઇનનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

> ભરતી પ્રક્રિયા સંબંધિત આગામી તમામ સુચનાઓ (સુધારેલ ડોક્યુમેન્ટ વેરિફિકેશન લિસ્ટ(ડોક્યુમેન્ટ વેરિફાઇડ લિસ્ટ),વાંધા અરજી, ફાઇનલ મેરીટ વેગેરે) વેબસાઈટ પર મુકવામાં આવશે, જેથી ઉમેદવારોએ નિયમિત વેબસાઈટ ચકાસતાં રહેવું. વખતો-વખત વેબસાઈટ પર મુકવામાં આવતી સુચનાઓથી અવગત ન રહેનાર ઉમેદવાર નો ભરતી પ્રકીયામાં કોઈ પણ તબક્કે સામેલ થવા અંગે કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે અને આ અંગે ઉમેદવારની કોઇ પણ પ્રકારની લેખિત કે મૌખિક રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

Sd/-

સભ્ય સચિવ

તા.૦૫/૦૬/૨૦૨૧.

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ અને સંયુક્ત શિક્ષણ નિયામક ગુ.રા,ગાંધીનગર